RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 82 * Date: 10.01.2025,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




# છત્તીસગઢમાં મોટી દુર્ઘટના, પાઈપ બનાવતી ફેક્ટરીમાં ચીમની તૂટી પડતા ૮ શ્રમિકોના મોત, ૨૫ લોકો દબાયા



છત્તીસગઢના મુંગેલી જિલ્લાના રામબોડ ગામમાં નિર્માણાધીન કુસુમ પ્લાન્ટમાં એક મોટી દુર્ઘટના બની. લોખંડના પાઈપ બનાવતી એક ફેક્ટરીમાં ચીમની તૂટી પડતાં ૨૫ થી વધુ શ્રમિકો કાટમાળ નીચે દટાયા હતા. મળતી માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૮ શ્રમિકોના મોતની આશંકા છે. જણાવી દઈએ કે, આ દુર્ઘટના તે સમયે બની જ્યારે એક લોખંડના પાઈપ બનાવતી ફેક્ટરીનું નિર્માણ કામ ચાલી રહ્યું હતું.ઘટનાની માહિતી મળતા જ પોલીસ અને વહીવટીતંત્ર ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. કાટમાળ નીચે ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે બચાવ કામગીરી ચાલુ છે. આ ઘટના સરગાંવ વિસ્તારના રામબોડમાં બની છે. રાહત અને બચાવ કામગીરીમાં સ્થાનિક લોકો પણ તંત્રની મદદે દોડી આવ્યા છે.નિર્માણધીન કંપનીનું નામ કુસુમ છે, જેનો પ્લાન્ટ તૈયાર કરાઈ રહ્યો હતો. ચીમની તૂટી પડવાના કારણે ૨૫થી વધુ લોકો કાટમાળમાં દબાઈ ગયા છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે પ્લાન્ટના નિર્માણ દરમિયાન સલામતીના સાધનો પર પૂરતું ધ્યાન આપવામાં આવ્યું ન હતું, જેના કારણે આ અકસ્માત થયો હતો.

# HMPV બાદ હવે ચીનમાં Mpox વાયરસનો નવો સ્ટ્રેન મળી આવતા હડકંપ, ભારતની પણ ચિંતા વધી

ચીનમાં HMPV સંક્રમણને લઈને અફરાતફરી મચી છે, આ વચ્ચે હવે એક નવા વાયરસના નવા સ્ટ્રેને હડકંપ મચાવ્યો છે. ચીનના સ્વાસ્થ્ય અધિકારીઓએ ગુરૂવાર (૯ જાન્યુઆરી, ૨૦૨૫)ના રોજ કહ્યું કે, તેમણે નવા ૅંટ (મંકીપૉક્સ) સ્ટ્રેન ક્લેડ આઈબીની ઓળખ કરી છે. ગત વર્ષ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ઉૐ) તરફથી ગ્લોબલ પબ્લિક હેલ્થ ઈમરજન્સી જાહેર કરાયા બાદ આ વાયરલ સંક્રમણ અનેક દેશોમાં ફેલાય રહ્યો છે. જણાવી દઈએ કે, ચીનમાં ૐઁસ્ફ અને ૅંટનું સંક્રમણ વધતાં ભારતની ચિંતા પણ વધી છે.રોયટર્સના રિપોર્ટ અનુસાર, ચીનના રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્ર તરફથી કહેવાયું છે કે, મંકીપૉક્સના ક્લેડ ૧બી કાંગો સહિત કેટલાક આફ્રીકન દેશોમાં પહેલાથી જ ત્યાં સક્રિય છે. અહીં એક વિદેશી વ્યક્તિથી સંક્રમિત થઈને શરૂ થયો હતો. વિદેશી નાગરિકના સંપ્રકમાં આવ્યા બાદ ચાર નવા કેસ નોંધાયા છે. દર્દીના લક્ષણ હળવા છે. તેમની સ્કિન પર દાણા અને ફોલ્લી જોવા મળી છે.ચીનના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગે કહ્યું કે, 'ૅંટને કેટેગરી બી સંક્રામક રોગ તરીકે મેનેજ કરાશે. અધિકારી ઈમરજન્સી ઉપાય કરી શકશે. જેમ કે ભીડને રોકવી, કામ અને શાળામાં રજા જાહેર કરવી અને બીમારી ફેલાવા પર વિસ્તારને સીલ કરવો.' ચીને ગત વર્ષ ઓગસ્ટમાં કહ્યું હતું કે, તે દેશમાં એન્ટ્રી કરનારા લોકો અને સામાનો પર ૅંટની તપાસ કરાશે.થોડાક દિવસો પહેલા સ્વાસ્થ્ય મંત્રાલયની બેઠકમાં એ વાત સામે આવી હતી કે, મંકીપોક્સ



સામાન્ય રીતે બેથી ચાર અઠવાડિયાનું સંક્રમણ હોય છે અને દર્દી યોગ્ય સારવારથી સ્વસ્થ થઇ જાય છે. આ વાઇરસ સંક્રમિત વ્યક્તિની સાથે લાંબા સમય સુધી નિકટ સંપર્ક, જાતીય સંપર્ક, થૂંક જેવા પ્રવાહી પદાર્થના માધ્યમથી, શરીર સાથે સંપર્ક અથવા સંક્રમિત વ્યક્તિના કપડાંનો ઉપયોગ કરવાથી ફેલાઇ શકે છે. વાયરસ સંક્રમિત વ્યકિતની લાર અને નાક વડે કે ખાંસે ત્યારે થુંકની માઇક્રો બુંદ દ્વારા હવામાં ફેલાય છે. આ ઉપરાંત ગર્ભવતી મહિલા થકી તેમના બાળકને થવાની શક્યતા રહે છે. ગાલો પર લાલ દાણા, સાંધાનો દુખાવો, હળવો તાવ, થાક, માથાના દુખાવો અને મસલ પેઈન વગેરે લક્ષણો જોવા મળે છે. કોરોના વાયરસની જેમજ આસપાસ સ્વચ્છતા રાખવી, હાથ પગ ધોતા રહેવું તથા સંક્રમિત વ્યકિતથી દૂર રહેવું તે જ ઉપાય છે.

# લગ્નસરાની સિઝનથી ઘરાકી વધી, ૨૫ દિવસ બાદ સોનું ફરી ૮૦૦૦૦ ક્રોસ, ચાંદી ત્રણ દિવસથી સ્થિર

કમોરતા પૂર્ણ થવાને હવે ગણતરીના દિવસો જ બાકી છે. હિન્દુ સંસ્કૃતિ મુજબ કમોરતા બાદ ફરી પાછા શુભકાર્યોની શરૂઆત સાથે કિંમતી ધાતુ બજારમાં ચહલપહલ જોવા મળી છે. અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી કિંમતી ધાતુમાં સ્થિરતા રહ્યા બાદ હવે ફરી પાછી મુવમેન્ટ જોવા મળી રહી છે. સોનાનો ભાવ ૨૫ દિવસ બાદ વધી ફરી રૂ. ૮૦૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની સપાટીએ પહોંચ્યો છે. જો કે, ચાંદીની કિંમત છેલ્લા ત્રણ દિવસથી સતત સ્થિર રહી છે.સોના-ચાંદીના ભાવમાં મુવમેન્ટ પાછળનું એક કારણ કમોરતા બાદ શરૂ થઈ રહેલી લગ્ન સિઝન છે. વધુમાં વૈશ્વિક પડકારો અને ફુગાવાના કારણે કિંમતી ધાતુમાં ફરી પાછી તેજી જોવા મળી છે. જેની અસર સ્થાનિક બજારો પર પણ થઈ છે.અમદાવાદમાં આજે સોનાની કિંમત રૂ. ૨૦૦ વધી રૂ. ૮૦૧૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થઈ છે. જ્યારે ચાંદી રૂ. ૯૦૫૦૦ પ્રતિ કિગ્રાના સ્તરે છેલ્લા ત્રણ દિવસથી ક્વોટ થઈ રહી છે. સોમવારે ચાંદીનો ભાવ રૂ.



૮૯૦૦૦ પ્રતિ કિગ્રા બોલાઈ રહ્યો હતો. જે મંગળવારે રૂ. ૧૫૦૦ વધ્યા બાદ સ્થિર રહ્યો છે.

# રાજકોટમાંથી ઝડપાયું ૮૦૦ કિલો નકલી પનીર, મોટી હોટલો, રેસ્ટોરાં, રેકડીમાં થતુ હતું સપ્લાય

ગુજરાતમાં નકલી ડૉક્ટરોથી માંડીને નકલી અધિકારીઓની સાથે ધી, પનીર સહિતની ડુપ્લિકેટ વસ્તુઓનો રાફડો ફાટ્યો છે. ત્યારે રાજકોટ એસ.ઓ.જી. પોલીસે દરોડા પાડી ૮૦૦ કિલો નકલી પનીર જથ્થો જપ્ત કર્યો છે. નકલી પનીર બનાવવા માટે પામતેલનો ઉપયોગ થતો હોવાનું પણ સામે આવ્યું છે. હાલમાં ફેક્ટરીના માલિકની અટકાયત કરવામાં આવી છે અને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ શહેરના શીતલ પાર્ક વિસ્તારમાંથી નકલી પનીર બનાવતી ફેક્ટરી ઝડપાઇ છે. રાજકોટ એસ.ઓ.જી. પોલીસે આશંકાના આધારે રેડ પાડી હતી. સૌથી મહત્વની વાત એ છે કે આ ફેક્ટરીની બહાર ફર્નિચરની દુકાનનું બોર્ડ લગાવીને છેલ્લા ૩-૪ વર્ષથી ચલાવવામાં આવતી હોવાનું પણ જાણવા મળ્યું છે. એસ.ઓ.જી. પોલીસની ટીમ આ જોઇને ચોંકી ગઇ હતી.

આ રેડ દરમિયાન લાખોની કિંમતનો ૮૦૦ કિલો નકલી પનીરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. નકલી પનીર બનાવવા માટે પામતેલનો ઉપયોગ થતો હોવાનું પણ સામે આવ્યું છે. ફેક્ટરીની ઠેર-ઠેર ગંદકીના દ્રશ્યો જોવા મળ્યા હતા. આ પનીર નકલી છે કે અખાદ્ય છે તે અંગે તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે ભાવનગરથી આવતા અખાદ્ય પનીરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આજે રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ વિભાગે શહેરના અલગ અલગ



રેસ્ટોરન્ટમાં પનીરને લઈને ચેકીંગ હાથ ધર્યું હતું. ત્યારે આ દરમિયાન રાજકોટના આરોગ્ય વિભાગે રેડ પાડી ૧૬૦૦ કિલો જેટલો ખાદ્ય પનીરનો જથ્થો જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી. નકલી પનીરના રેકેટની કડીઓ તપાસતા ભાવનગરના મહુવાના મેસવાડ ગામથી પનીર આવ્યું હોવાનો ખુલાસો થયો હતો.

## તંત્રી લેખ...

# માઇક્રો ફાઇનાન્સ સંસ્થાનો પોર્ટફોલિયો ઘટ્યો

દેશમાં સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન સતત કથળતી એસેટ ગુણવત્તા વચ્ચે ધિરાણદારોએ વધુ સતર્કતાભર્યું વલણ અપનાવતા નાની લોનના બાકી લેણાંની રકમ ૪.૩% ઘટીને રૂ.૪.૧૪ લાખ કરોડ નોંધાઇ છે. જૂન દરમિયાન ૧-૩૦ દિવસ માટે ન ચૂકવાયેલી લોન ૧.૨%થી વધીને ૨.૧% થઇ છે.જ્યારે ૩૧-૧૮૦ દિવસ સુધી ન ચૂકવાયેલી લોનની ટકાવારી જૂનના ૨.૭%થી વધીને ૪.૩% થઇ છે તેવું ક્રેડિટ ઇન્ફર્મેશન કંપની ક્રિફ હાઇ માર્કે જણાવ્યું હતું. છેલ્લા કેટલાક મહિનાથી નાની લોન આપતી સંસ્થાઓ કેટલાક પડકારોનો સામનો કરી રહી છે અને તેના માટે નિયામકે ઇન્ડસ્ટ્રી પ્રેક્ટિસ પર આરોપ મૂક્યો છે. જેમાં અનેકવિધ કંપનીઓ દ્વારા એક જ લોનધારકોને અનેકવાર ધિરાણ ઉપરાંત વધુ નફો રળવાની લ્હાયમાં લોનધારકો પાસેથી વ્યાજખોરો જેટલા તોતિંગ વ્યાજની વસૂલાત જેવી સમસ્યાઓ સામેલ છે. છેલ્લા કેટલાક મહિના દરમિયાન લોનની વસૂલાત માટે ઇન્ડસ્ટ્રી હવે ફરીથી એક્શન મોડમાં છે અને અનેક પ્રકારના પગલાં લેવામાં આવતા એકંદરે બાકી રકમની ટકાવારીમાં ઘટાડો જોવા મળ્યો છે.ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીના ડેટા અનુસાર સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન નોન બેન્કિંગ ફાઇનાન્સિયલ કંપનીઓના પોર્ટફોલિયોમાં ક્વાર્ટરના હિસાબે ૦.૭%ની વૃદ્ધિ થઇ હતી, જો કે બેન્કો, સ્મોલ ફાઇનાન્સ બેન્કના પોર્ટફોલિયોમાં ઘટાડો જોવા મળ્યો હતો. દેશના ટોચના ૧૦ રાજ્યોમાં બેડ લોન્સમાં વૃદ્ધિ થઇ હતી. જેમાં બિહાર, તામિલનાડુ, ઉત્તરપ્રદેશ અને ઓડિશામાં બેડ લોન્સમાં અંદાજે બે તૃતીયાંશનો વધારો થયો હતો.

આ વર્ષે મ્યુ. ફંડ ઇન્ડસ્ટ્રીમાં ૬ નવા ફંડ હાઉસ સામેલ થશે મ્યુચ્યુઅલ ફંડ ઇન્ડસ્ટ્રીની છેંસ એટલે કે કંપનીઓ દ્વારા સંચાલિત કરાતી રકમ વધીને ૬૮ લાખ કરોડથી વધુ થઇ ચુકી છે.

# સમગ્ર દેશમાં પ્રથમ વખત ગુજરાતના બાળકો સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનની નકારાત્મક અસરોથી દૂર રહે તે માટે રાજ્ય સરકાર રજૂ કરશે



સમગ્ર દેશમાં કેટલાક સમયથી બાળકોમાં સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનનો વ્યાપ વધી રહ્યો છે, જેના કારણે બાળકોમાં વાંચન શક્તિ અને રમત ગમતનો વ્યાપ પણ ઘટી રહ્યો છે, જેની ચિંતા કરીને રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ સ્વર્ણિમ સંકુલ - ૨ ગાંધીનગર ખાતે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી સુનયના તોમર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે આજે બાળકોને સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનની નકારાત્મક અસરોથી બાળકોને કઈ રીતે દૂર રાખી શકીએ તે અંગે ગંભિર ચર્ચા કરવામાં આવી હતી.

વધુમાં મંત્રી શ્રીએ ઉમેર્યું કે, બાળકો - વાલીઓ અને શિક્ષકો માટે ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી તેમજ સિવિલના સાયકાટ્રીસ્ટની સાથે પરામર્શ કરીને એક પરિપત્ર બહાર પાડવામાં આવશે અને બાળકોના ભવિષ્યની ચિંતા કરીને એક અભિયાન સ્વરૂપે શરૂ કરવામાં આવશે.

રાજ્ય શિક્ષણમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, બાળકોનો સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનનો વધુ ઉપયોગ તેમની શારીરિક અને માનસિક શક્તિને અસર કરી રહ્યો છે, બાળકો મોબાઈલનો ઉપયોગ ઓછુ કરે અને રમત ગમત પ્રત્યે વધુ ધ્યાન આપે તે માટે વાલીઓ તેમજ શિક્ષકો માટે એક પરિપત્ર બહાર પાડવામાં આવશે જેમાં શિક્ષકોનો ક્લાસરૂમમાં મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધ, અને પ્રાથમિક શાળાના બાળકો મોબાઈલ લઈને શાળામાં ન જઈ શકે તે માટે કડક પગલા લેવામાં આવશે.

વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે, બાળકોના સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનના ઉપયોગને બદલે તેમને વાંચન – રમત ગમત જેવી પ્રવૃતિઓમાં જોડાયેલા રહે તે માટે શાળાઓના શિક્ષકોને માહિતગાર કરવામાં આવશે, સાથોસાથ મંત્રીશ્રીએ બાળકોના માતા-પિતાને વિનંતી કરી હતી કે, બાળકોની સામે પોતે સોશિયલ મીડિયાનો ઉપયોગ ન કરે, માતા-પિતા પોતે પોતાના બાળકના ભવિષ્યની ચિંતા કરીને સોશિયલ મીડિયાથી બાળકને દૂર રાખે.

સમગ્ર ભારતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ ઉચ્ચતર અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં બાળકો સોશિયલ મીડિયાથી દુર રહી પોતાના જીવનમાં વાંચન અને રમત ગમતને સ્થાન આપે તે માટે શિક્ષકો અને વાલીઓ – બાળકો માટે એક પરિપત્ર બહાર પાડનારું ગુજરાત પ્રથમ રાજ્ય હશે અને અન્ય રાજ્યો ગુજરાતથી પ્રેરણા લેશે તેવી મંત્રી શ્રીએ આશા વ્યક્ત કરી હતી.

વધુમાં મંત્રી શ્રી એ એન.જી.ઓ, ધાર્મિક સંસ્થાઓ, તેમજ સામાજિક કાર્યકરો તેમજ મીડિયાના મિત્રોને બાળકોને સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનથી દૂર રહે તે માટેના મહાભિયાનમાં જોડાવા વિનંતી કરી હતી, તેમજ ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી સરકાર સાથે મળીને કઈ રીતે આ મહાભિયાન લોકો સુધી વધુને વધુ પહોચે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. દરેક શાળામાં શોર્ટ ફિલ્મ મારફતે બાળકોના વાલીઓને સોશિયલ મીડિયાના ઉપયોગો અને તેના નુકશાન વિષે માહિતગાર કરવામાં આવશે, વાલીઓ અને શિક્ષકો જો જાગૃત હશે તો જ બાળકો સોશિયલ મીડિયાથી દૂર રહી વાંચનની સાથે પોતાનો જીવન ઘડતર અને સ્પોર્ટ્સ સાથે જોડાઈને પોતાની તંદુરસ્તીનો ખ્યાલ રાખી શકશે.

આ બેઠકમાં ઉચ્ચ અને ટેકનિકલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી સુનયના તોમર, ટેકનિકલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, નિયામક શ્રી ઉચ્ચ શિક્ષણ દિનેશ ગુરૂ, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી લલિત નારાયણ સંધુ, શાળાઓના નિયામક શ્રી પ્રજેશ રાણા, નિયામક શ્રી પ્રાથમિક શાળા એમ.આઈ.જોષી, ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ શ્રી રાજેશ ગુપ્તા, સિવિલ હોસ્પિટલના સાયકાટ્રીસ્ટ કૌશલ બેન જાડેજા સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.



પવિત્ર યાત્રાધામ ડાકોર માં આવેલ બ્રાન્ચ મિશ્ર શાળા નં -૧ ડાકોર માં આજ રોજ તારીખ ૮/૧/૨૦૨૫ ને બુધવારે ગામના અગ્રણી પ્રતિષ્ઠિત વેપારી એવા શ્રી વિનોદભાઈ સુખડિયા તથા દેવાંગભાઈ ઉપાધ્યાય હાલ ઓસ્ટ્રેલિયા જેઓએ અત્રેની શાળા બ્રાન્ચ મિશ્ર શાળા નં-૧ડાકોર ના બાળકોને સ્વેટર નું વિતરણ કર્યું જે આ શિયાળાની ઠંડીમાં અત્રેની શાળાના બાળકો માટે સ્વેટર વરદાન રૂપ છે આ દાન નું મૂલ્ય તો ના આપી શકાય પરંતુ શાળાના પરિવાર અને બાળકો વતી શ્રી વિનોદભાઈ સુખડિયા અને શ્રી દેવાંગભાઈ ઉપાધ્યાય નો ખુબ આભાર વ્યક્ત કરીએ છીએ.

# ૧૦૦ રૂપિયાની નોટ વિદેશમાં ૫૬ લાખમાં વેચાઈ, શું છે ઇતિહાસ?.. જાણો

નવી દિલ્હી,

ભારતીય ચલણની એક ૧૦૦ રૂપિયાની નોટ વિદેશમાં હાલમાં થયેલી હરાજીમાં આશરે ૫૬ લાખમાં વેચાઈ. તમને પણ એમ થતું હશે કે આખરે આ નોટમાં એવું તે શું હતું કે આટલા ઊંચા ભાવે વેચાઈ? તો ખાસ જાણો તેની ખાસિયતો લંડનમાં એક હરાજીમાં દુર્લભ ૧૦૦ રૂપિયાની ભારતીય નોટ ૫૬ લાખ રૂપિયામાં વેચાઈ હોવાનું કહેવાય છે. સંગ્રહકર્તાઓ અને ઈતિહાસપ્રેમીને આ વાત ચોંકાવી ગઈ. આખરે એવું તે શું હતું તે નોટમાં. હકીકતમાં આ નોટ હજ નોટના નામથી જાણીતી છે અને તેનો ઈતિહાસ ૧૯૫૦ના દાયકા સાથે જોડાયેલો છે. તે સમયે ભારતીય રિઝર્વ બેંક એ તેને એવા ભારતીય તીર્થયાત્રીઓને આપી હતી જે ખાડી દેશોની યાત્રા પર જઈ રહ્યા હતા. હજ નોટનું ઐતિહાસિક મહત્વ આ નોટ જેનો સિરિયલ નંબર ૐ૭ ૦૭૮૪૦૦ હતો તે ફક્ત એ કલેક્શન માટેની વસ્તુ નથી પરંતુ તે ભારતીય આર્થિક ઈતિહાસનો એક રસપ્રદ અંશ પણ છે. તે સમયે ઈંએ આ નોટને ખાસ કરીને સોનાની ગેરકાયદેસર ખરીદીને રોકવા માટે બહાર પાડી હતી. આ હજ નોટ ફક્ત ખાડી દેશો- સંયુક્ત અરબ અમીરાત, કતાર, બહરીન, કુવૈત અને ઓમાનમાં માન્ય હતી જેનાથી તે એક વિશેષ અને મર્યાદિત કાનૂની મુદ્રા બની ગઈ હતી. ૧૯૬૧માં કુવૈતે પોતાની મુદ્રાની શરૂઆત કરી અને ત્યારબાદ અન્ય ખાડી દેશોએ પણ આ પગલું ભર્યું. જેના પરિણામ સ્વરૂપે હજ નોટ્સનું ઉત્પાદન ધીરે ધીરે ઘટી ગયું અને ૧૯૭૦ના દાયકામાં તેનું નિર્માણ સંપૂર્ણ રીતે બંધ થઈ ગયું. આજે આ નોટ કલેક્શન કરનારાઓ માટે મૂલ્યવાન વસ્તુ બની ગઈ છે. તેની દુર્લભતાની સાથે સાથે તેની વિશેષ્ટ વિશેષતાઓ પણ તેને મૂલ્યવાન બનાવી રહી છે. હજ નોટ્સની એક ખાસ વિશેષતા તેના સિરિયલ નંબરમાં ×ૐ૭×નું પ્રિફિક્સ હતું, જે તેને સરળતાથી ઓળખ યોગ્ય બનાવતી હતી. આ નોટોનો રંગ પણ સામાન્ય ભારતીય ચલણ કરતા અલગ હતો. જેનાથી તેનું અનોખાપણું વધતું હતું. આવું પહેલીવાર નથી બન્યું કે જ્યારે ભારતીય નોટોની હરાજીએ ચર્ચા જગાવી. મે ૨૦૨૪માં પણ ૧૯૧૮ની બે ૧૦ રૂપિયાની નોટ રેકોર્ડ કિંમત પર વેચાઈ હતી. એક ૬.૯૦ લાખ રૂપિયા અને બીજી ૫.૮૦ લાખ રૂપિયામાં.

# રાજકોટમાં ધીરગુરૂદેવના સાનિધ્યે ૧૫ કરોડના ખર્ચે આધુનિક 'વિરાણી બહેરા-મૂંગા શાળા સંકુલ'ની રવિવારે દેશ-વિદેશના દાતાઓની હાજરીમાં ઉદ્દઘાટન વિધિ

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં છેલ્લા ૬૦ વર્ષથી કાર્યરત દિવ્યાંગ મૂક-બધિર બાળકોને શિક્ષણ અને વ્યવસાયિક તાલીમ આપનાર સંકુલનું ગોંડલ સંપ્રદાયના શતાધિક ધર્મસ્થાનકના નિર્માણ પ્રણેતા પરમશ્રદ્ધેય પૂ. ગુરુદેવ શ્રી ધીરજમુનિ મહારાજ સાહેબની અસીમકૃપાથી સંપૂર્ણ સંકુલનું નૂતનીકરણ દેશ-વિદેશના ઉદારદિલ દાતાઓના સહયોગથી કરવામાં આવેલ છે. પરમશ્રદ્ધેય પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી ૬૫ હજાર સ્કેવર ફીટ બાંધકામની જવાબદારી જાણીતા બિલ્ડર્સ અને દાનવીર જીતુભાઈ બેનાણીએ સફળતા પૂર્વક સંપન્ન કરેલ છે. જે અભિનંદનીય છે

રાજકોટમાં ૧૯૬૧માં રાષ્ટ્રીય શાળાના રૂમમાં ત્રણ બાળકોથી દિવ્યાંગ બહેરા-મૂંગા શાળાનો પ્રારંભ થયા બાદ હવે રાજકોટમાં મહાનગરપાલિકાએ આશરે ૬૦૦૦ વાર જમીન નજીવા દરે આપ્યા બાદ જૈન અગ્રણી દાતા છગનલાલ શામજી વિરાણી અને વ્રજકુવરબેન વિરાણીની સ્મૃતિમાં જયંતીભાઈ, શશીભાઈ અને ભુપતભાઈ વિરાણી તથા અન્ય દાતાઓના સહકારથી તારીખ ૦૨/૦૨/૬૬ ના ઢેબરભાઈ રોડ ખાતે નવા બિલ્ડિંગમાં પ્રારંભ કરવામાં આવેલ જેના પાયામાં ડો. પી. વી. દોશી, પુરુષોત્તમભાઈ ગાંધી વગેરેનું યોગદાન સ્મરણીય રહેશે.



વર્ષો જૂના જર્જરીત બિલ્ડીગના રિનોવેશનના બદલે અભ્યાસ કરતા ૨૬૦ જેટલા બાળકોને આધુનિકતા સભર સુવિધા મળે તેવા ભાવથી શતાધિક ઉપાશ્રય, ગૌશાળા, હોસ્ટેલ, મેડિકલ સેન્ટર નિર્માણ પ્રણેતા ગુરુદેવશ્રી ધીરજમુનિ મહારાજ સાહેબની અસીમ કૃપાથી ટ્રસ્ટી મંડળે સંપૂર્ણ બાંધકામનું ડિમોલેશન કરી નૂતનીકરણ કરવાનું નક્કી કરતા પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં તારીખ ૨૫/૦૬/૨૨ ના શિલાન્યાસ અને ત્યારબાદ ભૂમિપૂજન ૨૪/૦૯/૨૨ ના કરવામાં આવેલ.બાંધકામનો પ્રારંભ થયા બાદ જાણીતા દાતાશ્રી જીતુભાઈ બેનાણીને કાર્ય સોંપવામાં આવેલ. તેઓએ તન મન ધનથી ટૂંકા સમયમાં કાર્ય કરેલ છે જે અભિનંદનીય છે. સંસ્થામાં રજનીભાઈ બાવીશી છેલ્લા ૪૦ વર્ષથી કાર્યરત અને ૨૫ વર્ષથી પ્રમુખ પદે સેવારત છે.

નવનિર્માણમાં શશીકાંત જી. બદાણી, બીનાબેન અજયભાઈ શેઠ, છગનલાલ શામજી વિરાણી પરિવાર, જીતેન્દ્રભાઈ બેનાણી, ડો. પી. વી. દોશી પરિવાર, રવિ કુમાર ભારદિયા, રોલેક્સ રિંગ્સ લિમિટેડ, રંગીલદાસ નથુભાઈ વારીયા, ઈન્દુભાઇ વોરા, ક્રિશ પ્રણય દેસાઈ, ઇલા હરેશ મહેતા, કેતન જી. શોભાણા, નરેન્દ્રસિંહ જાડેજા, દયાબેન જી. શેઠ, અરુણાબેન એ. મહેતા, હાર્દિકાબેન જે. ભીમાણી, મયુરસિંહ ઝાલા, ચંદુભાઈ કે. વોરા વગેરે વિવિધ વિભાગના લાભાર્થી બન્યા છે. આ ઉપરાંત કન્યા-કુમાર અને સ્કૂલ રૂમના દાતા પરિવારમાં રામકુંવરબા પ્રેમચંદ વાઘર, શાંતિલાલ અને ઈલાબેન ટોળિયા, અરૂણાબેન મનહરલાલ શાહ, ડો. હસમુખ લક્ષ્મીચંદ શેઠ, માલિનીબેન કિશોરભાઈ સંઘવી, અમીશા નીરજ વોરા, સ્મિતાબેન મુકેશભાઈ શેઠ, ધીરજબેન વસંતરાય મહેતા, ઉષાબેન મહેશભાઈ વાઘર, હસુભાઈ લક્ષ્મીશંકર જોષી, હેમલતાબેન શિવુભાઈ લાઠિયા, અનિલભાઈ મણિલાલ વિરાણી, રમાગૌરી કેશવલાલ વિરાણી, દુર્લભજી શામજી વિરાણી, ઈન્દિરાબેન સુરેન્દ્ર વિરાણી, દિનેશભાઈ ભૂપતભાઈ શેઠ, લૈલારાની, કરીન, કવિ, અભિ, હરસુખભાઈ જે. જુઠાણી, રમાગૌરી છોટાલાલ દફતરી, પ્રાણલાલ મણીલાલ પંચમીયા, રમેશભાઈ મૂળશંકર ઠાકર, કલાવતીબેન પ્રાણલાલ શેઠ, પ્રમોદાબેન કિશોરચંદ્ર કોટીચા, ઈશિતા હિતેશભાઈ મહેતા, શર્વી હિતેશભાઈ મહેતા, અનીશા હિતેશભાઈ મહેતા, હિતેશ અને તૃપ્તિ મહેતા, વિજયાબેન હરિલાલ કામદાર, એન્ડોક હેલ્થકેર પ્રા. લિ., કલાબેન ઘનશ્યામભાઈ ત્રિવેદી, એક સદ્ગૃહસ્થ, પદમશી વિકમશી સંઘવી, નર્મદાબેન ટોકરશી કારિયા, નિર્મળાબેન શાંતિલાલ મારુ, ડો. રતનબેન ખીમજી છાડવા, ડો. અરૂણાબેન અભયચંદ્ર મહેતા, નીરુબેન નિરંજનભાઈ સંઘવી, વીજકોરબેન રામજીભાઈ ડેલીવાલા, વત્સલ વિપુલ સંઘવી, હંસાબેન હેમતભાઈ ભાયાણી, સેવંતીલાલ અને હેમાબેન મહેતા, સ્મિતાબેન મહેન્દ્રભાઈ પારેખ, મંજુલાબેન મહેન્દ્રભાઈ સંગોઈ, રશ્મિબેન રજનીભાઈ શાહ, રંજનબેન જયસુખલાલ પટેલ, રંજનાબેન નરોત્તમભાઈ ઉદાણી, રસીલાબેન હિંમતલાલ શેઠ, મંગળાબેન કુબેરભાઈ તેજાણી, ડો. રજનીભાઈ એમ. મહેતા, રીટાબેન અભયકુમાર શાહ, શારદાબેન રતિલાલ દોશી, રમણીકલાલ મગનલાલ મહેતા, વનિતાબેન વ્રજલાલ મહેતા, મંગલાવંતી હસમુખરાય મહેતા, રંજનબેન સુરેન્દ્રભાઈ મહેતા, વિદ્યાબેન મહેન્દ્રભાઈ મહેતા, મહેન્દ્ર જમનાદાસ અજમેરા, ચુનિલાલ કરશનદાસ જોબનપુત્રા સહિતના લાભાર્થી બન્યા છે.

૧૫ કરોડના ખર્ચે નવનિર્મિત સંકુલમાં પાંચ કરોડ રૂપિયાની જરૂરિયાત છે. દાતાઓને લાભ લેવા ડો. નરેન્દ્ર દવે, ઝછ પ્રશાંત વોરાએ અપીલ કરેલ છે. દાનવીરો માટે યોજનામાં ૫૧ લાખ એમ્ફી થિયેટર, ૨૫ લાખ નવકાર મંત્ર તકતી, ૨૫ લાખ સરસ્વતી ચિત્રપટ, ૨૫ લાખ ભગવાન રામ ચિત્રપટ, ૨૫ લાખ શ્રીકૃષ્ણ ચિત્રપટ, ૨૫ લાખ મહાવીર ચિત્રપટ, ૨૫ લાખ શ્રીપાક ગૃહ, ૨૧ લાખ રેક્ટર રૂમ, ૧૧ લાખ વેઈટિંગ લોન્જ, ૯ લાખ સોપાન સીડી, ૫ લાખ જલમંદિર (કુલ ૯), ૫. લાખ રીડિંગ પોર્ચ, દોઢ લાખ સ્માર્ટ બોર્ડ તેમજ એક વિદ્યાર્થી વાર્ષિક દત્તક યોજનામાં ૨૫ હજાર અથવા તેના ગુણાંકમાં ગમે તેટલા વિદ્યાર્થી અને ગમે તેટલા વર્ષનો લાભ લઈ શકાશે.

નૂતન સંકુલ માં ૨૬૦ માંથી ૧૩૦ દીકરા-દીકરીઓ છાત્રાલયમાં રહે છે, પરંતુ ૩૦૦ નો સમાવેશ થાય તે રીતે ડબલ ડેકર પથારીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. અતિ અધ્યતન અન્નપૂર્ણા ગૃહમાં જમવા માટે બેન્ચની સુવિધા તેમજ સ્કૂલમાં સ્માર્ટ બોર્ડ મુકાશે, સ્કૂલની બેન્ચો નમૂનેદાર બનાવી છે. કોમ્પ્યુટર રૂમ ઉપરાંત વોકેશનલ સેન્ટરમાં દિવ્યાંગ બાળકો સમાજમાં માનભેર સ્થાન મેળવી શકે તે માટે સીવણ ક્લાસ, બ્યુટી પાર્લર, ફ્લાવરપોટ, દીવડા, મોબાઈલ રીપેરીંગ, મહેંદી, કુકીંગ વગેરેનું શિક્ષણ આપવામાં આવે છે.આ શાળાના દિવ્યાંગ બાળકો કલા ઉત્સવમાં ભારતભરમાં ત્રીજા ક્રમાંકે તેમજ ખેલ મહાકુંભમાં ભાગ લઈને ઈનામો હાંસલ કરે છે. દિવ્યાંગ મુક બધીર બાળકોને ભણતરમાં અનુરૂપ બને તેવા અષ્ટકોણ રૂમ બનાવેલ છે, છાત્રાલયમાં દરેકને સ્વતંત્ર બારી મળે તે પ્રકારે વ્યવસ્થા કરેલ છે. દિવ્યાંગોની નૃત્ય શક્તિને પીછાણી અજયભાઈ અને બીનાબેન શેઠે રાજકોટથી મુંબઈ સુધી દીકરીઓને પ્રથમવાર ફ્લાઈટમાં પ્રવાસ કરાવી કાર્યક્રમ પ્રસ્તુત કરાવી નવી પહેલ કરી હતી. જેનાથી બાળકોમાં ઉત્સાહ અને જુસ્સો જોવા મળેલ હતો. તાજેતરમાં બધીર ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારત લેવલે પ્રદર્શનમાં સફળતા મેળવી ગુજરાતની ટીમમાં બ્રોન્ઝ ચંદ્રક મેળવ્યા છે. અભ્યાસનો સમય સવારે ૭:૩૦ થી ૧૨:૩૦ કલાકનો હોય છે. બપોરના સ્થાનિક બાળકોને પણ ભોજનની વ્યવસ્થા ટ્રસ્ટ તરફથી કરાવવાનું નક્કી કરેલ છે, જેનાથી બપોરના બે થી ચાર કલાકે વોકેશનલ સેન્ટર નો લાભ મળી શકે તેવું આયોજન કરેલ છે. દિવ્યાંગોને વાલીઓ સાથે સંપર્ક કરવા દર અઠવાડિયે વીડિયો કોલની સુવિધા આપવામાં આવે છે. રાજકોટમાં ૨૦૧૭માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં લાર્જેસ્ટ સાઈન લેંગ્વેજ લેસનમાં ૧૫૦૦ દિવ્યાંગ મૂક બધીર બાળકોને એકત્રિત કરી રાષ્ટ્રગીતનો મહિમા સમજાવી સમૂહગાન કરેલ, જેનાથી પ્રિન્સિપાલ કશ્યપ પંચોલીના નેતૃત્વમાં ગ્રિનીસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળેલ. હાલમાં રાગીશા દવે, ક્રિષ્ના મોજીદ્રા, માલતી કૂકડીયા, વર્ષા રાખસીયા, હીના પડીયા વગેરે શિક્ષણમાં સહભાગી બની રહ્યા છે.

'વિરાણી બહેરા-મૂંગા શાળા સંકુલ'નું ૧૨ જાન્યુઆરી, રવિવારે સવારે ૯:૩૦ કલાકે ઉદ્દઘાટન સમારોહ યોજાશે. જેમાં અમેરિકાના મહેશ વાઘર, સેવંતીભાઈ મહેતા, જયંત કામદાર, બીના અનિલ કોટેચા તેમજ લંડનના મયુર મહેતા, રાજેશ વિરાણી, પરેશ વિરાણી, અપૂર્વ સંઘવી, રાજ વોરા, સુનિતા આર. મહેતા, મુંબઈના મહેન્દ્ર પારેખ, શીતલ પી. અવલાણી સહીત દેશ-વિદેશના ભાવિકો તેમજ રાજકોટના ઉદ્યોગપતિઓ, બિલ્ડરો દાતાઓ ઉપસ્થિત રહેશે.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટી રજનીભાઈ બાવીસી, ડો. નરેન્દ્ર દવે, પ્રશાંત વોરા, પિયુષ વિરાણી, હંસિકાબેન મણિયાર, પ્રવીણભાઈ ધોળકિયા, ડો. કેતન બાવીસી, ડો. દર્શિતા શાહ, આયુષ વિરાણી, રાજેશ વિરાણી, હરેશ વોરા, કન્વીનર શૈલેષ વિરાણી તેમજ જીતુભાઈ બેનાણી, પંકજભાઈ મુછાળા વગેરે જહેમત ઉઠાવી રહેલ છે. દાતાઓને દાનનો લાભ લેવા મો. (૯૪૨૭૨ ૦૬૭૯૭) તથા મો. (૯૩૭૪૧ ૬૧૬૧૬), (મો. ૯૭૧૪૨ ૦૨૦૨૯) પર સંપર્ક કરવા જણાવાયું છે.

પૂ. ધીરજમુનિ મ.સા. એ સમાજના દરેક લોકોને આહવાન કરેલ છે કે એકવાર સહ પરિવારે દિવ્યાંગ મૂક બધીર બાળકોની મુલાકાત લઈને આપણા જીવનમાં મળેલી ઈન્દ્રિયોનો સદુપયોગ થાય છે કે નહી? તેનું નિરીક્ષણ કરવું જોઈએ. સુખી સદગૃહસ્થો એક અથવા વધુ બાળકોની દતક યોજનામાં જોડાતા જશે તો સંપત્તિ મહાલક્ષ્મી બન્યા વિના રહેશે નહી!

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




## NOG.ss No. 213

વિષય :- 'ઉત્તરાયણ-મકરસંક્રાંતિ '
શીર્ષક :- 'પંખીની ફરિયાદ'
પ્રકાર :- પદ્ય (શબ્દો :- ૧૦૦)

અમારે પ્રભાતે ગગને ઉડવું, ને મિત્રો સાથે રમવું,
સાંજે સંતાકુકડીમાં, ઉડાનભરી ફરકવું ને ગહેકવું.

તારા પતંગની કાતિલ, ચાઈનીઝ દુશ્મન જેવી દોર,
છે અમારી નમણી નાજુક પાંખ, જીવાદોરીની દોર.

તારી આ કટી પતંગને લુંટવા, મચી રહ્યો છે શૌર,
મારી કપાયેલ પાંખના રક્તથી, જો રંગાઈ તારો દોર.

કુદરતે આકાશમાં ઉડવા, અમને આપ્યો છે અધિકાર,
ખુલ્લા આકાશને આંબવા, તું વૃથા પ્રયત્ન ના કર.

તારી માંઝોપાયેલ દોરથી, મારે ગળે ટુંપો આવશે,
માળામાં નાના બચ્ચા, મારી રાહ જોશે જીવનભર.

તું માનવતા ના મેલ, આ પ્રેમાળ પંખીને પ્રેમ કર,
આ જીવ દયાથી 'સ્વજન' કહે, સૌ જીવોને સ્નેહ કર.
(યોગેશભાઈ પંડ્યા ' સ્વજન ' જૂનાગઢ.)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS NO-162

વિષય- મકરસંક્રાંતિ
શીષઁક- ઉતરાયણ
પ્રકાર- પધ, શબ્દ-૫૦

ઉગમણા આભમાં લાલીમાં છવાઈ, ઉગતા સૂરજ નુ પૂજન સંકા?તમા

ઉઘડતા આભમાં ફરફરતી પતંગ,
મોજીલા માંજાને મમળાવતી ફીરકી

ધીંગા મસ્તીને ચોર બકોર એ કાપ્યો એ ગઈ એ ગઈ પકડ પકડ ગઈ

ધાબામાં જમવાનું ને ધાબ જ આરામ ઉધીયુ પૂરીને દૂધપાકની મિજબાની

બાળકોને શેરડી પતાશા ખજુર ને બોર મમરા ના લાડુ તલસાંકળી ને ચીકી

આજના દિવસે દાન પુણ્ય કરી પુણ્ય કમાવાનો દિવસ એટલે મકરસંક્રાંતિપ.

??.રેખા નાકરાણી મુંબઈ ??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## N. O. G. S. S. No. 0102.

વિષયઃ- મકરસંક્રાંતિ.
શીર્ષક :-મકરસંક્રાંતિ. પ્રકાર : ગદ્ય
શબ્દ સંખ્યાઃ-૩૨૫.

આ વર્ષે ૨૦૨૫ના ૧૪મી જાન્યુઆરીના બુધવારના દિવસે મકરસંક્રાંતિ આવે છે. આ મકરસંક્રાંતિનું આ દિવસે આવતા રાજયોગ બને છે જેને બુધાદિત્ય યોગ તરીકે ઓળખવામાં આવે છે.

દર વર્ષે મકરસંક્રાંતિના અનેક સ્વરૂપો અને અનેક વાહનો અલગ અલગ જોવા મળે છે .આ વર્ષે આવતી મકરસંક્રાંતિ એ યૌવન અવસ્થામાં છે. વાઘનું વાહન છે .દૂધપાકનું જમણ કરે છે. અનેક પ્રકારના આયુધો ધારણ કરેલા છે. મોતીની માળા ધારણ કરેલી છે. આમ આ જ વખતનું સ્વરૂપ છે .વિક્રમ સંવત ૨૦૮૧ ના દિવસે આ શુભ સંક્રાત અનેક પ્રકારનું ફળ આપે છે . તેમાં પણ ખાસ કરી ને મકર ,ધન અને વૃશ્ચિક રાશિને સારું ભાગ્ય પ્રાપ્ત થશે તેવું શાસ્ત્રોત કથન છે.

મકરસંક્રાંતિનું પર્વ આખા ભારતમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. તે દિવસે ખાસ કરી અને લોકો ગંગા, યમુના, સરસ્વતી અનેક નદીઓ તેમજ તીર્થ સ્થળો અને દરિયામાં સ્નાન કરે છે અને સ્નાન કર્યા પછી પુણ્ય પ્રાપ્ત થાય છ,તેવું માનવું છે.

આ વર્ષે પ્રયાગરાજમાં યોજનારો મહાકુંભ યજ્ઞ પણ તે દિવસથી જ શરૂ થાય છે. આ યજ્ઞમાં લગભગ ૪૦ કરોડ લોકો આવશે તેવી ધારણા રાખી અને તમામ તૈયારીઓ કરવામાં આવી છે. તે દિવસે ત્રિવેણી સંગમ સ્થાન એ મોટામાં મોટું પવિત્ર અને મોક્ષદાયી માનવામાં આવે છે.હજારો સાધુ સંતોનું આગમન થઈ ચૂક્યું છે.

મકરસંક્રાંતિના દિવસે ખીચડી, તલ , ગોળ ,ઘી, વસ્ત્ર તેમજ જુદી જુદી વાનગીઓનું દાન કરવું તેનું વિશેષ મહત્વ છે. મકરસંક્રાંતિનું જે દાન કરવામાં આવે છે તે જુદી જુદી રાશિઓના પ્રમાણમાં જુદા જુદા પ્રકારનો દાન હોય છે. દરેક રાશિ અનુસાર લોકો આ દાન કરતા હોય છે. તે દિવસે કરવામાં કરવામાં આવેલું દાન તેનું સો ગણું ફળ પ્રાપ્ત થાય છે ,અને માણસની મોક્ષ તરફ પ્રગતિ થાય છે તેવું શાસ્ત્રો માને છે.

મકરસંક્રાંતિના દિવસે લોકો જુદા જુદા પ્રકારના પતંગ ઉડાડે છે અને મોજ માણે છે .અગાસીમાં બેસી પતંગ ઉડાડી અનેક પ્રકારની વાનગીઓનું તેઓ રસપાન કરે છે. રાત્રે ફટાકડા ફોડે છે અને આમ આનંદ ઉત્સવથી સવારથી સાંજ સુધીનો મકરસંક્રાંતિનો પર્વ ભારતમાં યોજવામાં આવે છે. દુનિયાના બીજા દેશોમાં પણ આ તહેવાર નું આયોજન કરવામાં આવે છે.

રતીલાલ વાયડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS No. 343

વિષય :- મકરસંક્રાતિ
શીર્ષકઃ- પતંગનાં પેચ
પ્રકાર :- પધ શબ્દો :-૭૫

આવી મકરસંક્રાતિને ઉડે આકાશે અનેક પતંગો રંગ બેરંગ,
આકાશ આંબવા ઊંચી નેમ રાખી પાકા દોર સાથે બાંધી પતંગ,
દીર્ઘદષ્ટિથી વિહંગ કરતાં પક્ષીની દોરથી કાપશો નહીં પાંખ બની તંગ,
સબંધરૂપી પતંગ ઉડાડતાં આશા નિરાશા નાં કાચા પાકા દોરથી રહો અવગત,
પતંગને કાપવા કપાવવા માટે પ્રપંચની ફિરકીને છૂટો દોર આપશે અંગત,
કાપવા કે કપાવાનાં જંગમાં દોરનું ગૂંચળું કરતાં ઢીલ દઈ બનો પેચમાં પારંગત,
" ચંદ્ર "સૂર્યને આંબી કપાયા વગર ઉડી પતંગ જો પવન જેવી સારી હશે સંગત.

" ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS NO: 202

વિષયઃ" મકરસંક્રાંતિ"ઉત્તરાયણ"
શીર્ષકઃ "આવી ઉત્તરાયણ"
પ્રકારઃ પદ્ય. શબ્દોઃ૬૮

"આવી ઉત્તરાયણ"
આવી ઉત્તરાયણ ખુશીઓ લાવી ઉત્તરાયણ.
આવી ઉત્તરાયણ પતંગ દોરો લાવી ઉત્તરાયણ.

આવી ઉત્તરાયણ તલસાંકળી-ચિકકી લાવી ઉત્તરાયણ,
આવી ઉત્તરાયણ બોર, શેરડીને મમરાલાડું લાવી ઉત્તરાયણ.

આવી ઉત્તરાયણ બાળકો માટે આનંદલાવી ઉત્તરાયણ,
આવી ઉત્તરાયણ બધા માટે ખુશીઓ લાવી ઉત્તરાયણ.

આવી ઉત્તરાયણ પેચરૂપી અવકાશીયુદ્ધ લાવી ઉત્તરાયણ,
આવી ઉત્તરાયણ પીપૂડા સ્પિકરનો ઘોંઘાટ લાવી ઉત્તરાયણ.

આવી ઉત્તરાયણ લપેટની બૂમો લાવી ઉત્તરાયણ.
આવી ઉત્તરાયણ સૌ માટે ઉત્સાહ લાવી ઉત્તરાયણ.

ચિરાગ.એચ.શર્મા(ચિરંજીવ).કઠલાલ.જીઃ ખેડા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SSN 0089

વિષય "મકરસંક્રાંતિ"
શીર્ષક ઉત્તરાયણ આવી
પ્રકાર પદ્ય શબ્દો. ૧૧૫

———
ધનુરાશીમાંથી મકરમાં સ્થાનાંતર
પૃથ્વીનું ઉત્તર દિશા તરફ વલણ
—
જ્ઞાનની દેવી સરસ્વતીનું પૂજન
ખેતમાં પાકની લણણીનું એલાન
—
ફિરકી માંજાના પ્રેમનું ઘમસાણ
કાઈપો છે નું ચોતરફ બુમરાણ
—
તલસાંકળીને ખીચડાનો રુઆબ
પતરાળીના શાકનો તલસાટ
—
ઘઉંની ઘુઘરી ગાયોને મિજબાન
દાન ધર્મનો મહિમા અપરંપાર
—
પતંગ ફાનસથી સુહાનું અંબર
નિંદે કાઈપો કાઈપોનો બબડાટ

પ્રવિણા અવિનાશ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOGSS NO: 375

વિષય : મકરસંક્રાંતિ
શીર્ષક : એણે તો ઉડવાનું જ હતું.
પ્રકાર : પદ્ય શબ્દો :૧૦૨

સોનું તો નહોતી ,કોણ એને સાચવવાનું હતું,
એક પતંગ હતી એ, એણે તો ઉડવાનું જ હતું,

આભ તો છેટું રહ્યું વાદળ એ ક્યાં મળવાનું હતું,
છતાં દષ્ટિ ઊંચી રાખી, એણે તો ઉડવાનું જ હતું ,

ઊંચે અગાશીવાળા,નીચે ન કોઈ આવવાનું હતું,
દાવાનળ હતો આંગણે, એણે તો ઉડવાનું જ હતું,

એક છલાંગને, ઉડયાનું એણે સમજવાનું હતું,
ધરા પર પગો પછાડી ,એણે તો ઉડવાનું જ હતું,

કાચા દોરે બંધાયેલીને કોણ ચગાવવાનું હતું,
સંજોગોને આધીન થઈ, એણે તો ઉડવાનું જ હતું,

બાવળમાં જઈ ભરાતી છતાં કોણ કાઢવાનું હતું,
વાવાઝોડાની રાહ જોતી, એણે તો ઉડવાનું જ હતું.

એક પતંગ હતી એ , એણે તો ઉડવાનું જ હતું.
જાગૃતિ દોશી, અમેરિકા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOGSS NO : 161

વિષય : મકરસંક્રાંતિ
શિર્ષક : કનકવો
પ્રકાર : અછાંદસ કાવ્ય શબ્દો : ૮૮

મુક્ત હવામાં ફરફર
આ તે કેવું કૌતુક જાય ?
શ્યામ ગુલાબી વાદળ વચ્ચે
કંઈક ફરકતું થાય!
આ તે કેવું પંખી જાય?
જોયું ઝીણી આંખે,
આ તો કનકવો લહેરાય!

ગગન વિહારી લાગે નજાકત,
સૂરજને સ્પર્શવાને જાય,
મૈત્રી કરી હવાની સંગે
એ તો દૂર દૂર મલકાય!
આ તે કેવું પંખી જાય?
જોયું ઝીણી આંખે,
આ તો કનકવો લહેરાય!

લીલાં, પીળા, ધોળા ને લાલ,
કંઈ કેટલાય રંગે
આભાર - નિહારીકા રવિયા રંગાય,
સાવ નાજુક દોરી લઈને
આકાશી સફરે જાય,
આ તે કેવું પંખી જાય?
જોયું ઝીણી આંખે,
આ તો કનકવો લહેરાય!
ºº ગ્રીષ્મા પંડ્યા ºº

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS NO -169

વિષય - ઉતરાયણ
શીર્ષક - પતંગ ઉડે આભમાં રે
પ્રકાર - પદ્ય શબ્દ સંખ્યા -૯૦

આજ રંગબેરંગી પતંગ ઉડે આભમાં રે,
દલડું સૌનું આજ થનગનાટ કરે પતંગ સંગ રે.

આજ હૈયું ને મનડું ના રહે કોઈનું હાથમા રે,
નાનામોટા સૌ કોઈ હરખે જુવે ઉંચે આકાશમાં રે.

કરકમળમાં ફિરકીને પતંગ મજાના રે,
સાથે પીપુડા ને પાવાનો સૂર મજાનો રે.

ક્યાંક લીલ્લી તો ક્યાંક ચરકત્તી પતંગ લહેરાય નભમાં રે,
ક્યાંક ત્રિરંગાવાળી જોઈ મનડું મારું મલકાય રે.

આજ ઉપવન સરીખું રંગબેરંગી નભ ભાસે રે,
પર્વ ઉતરાયણ કેરું ઘણા જોરે જામ્યું અતિ ઉમંગે રે.

લતાબેન ચૌહાણ 'સોનાવેલ' ગોધરા

# ૮ થી ૧૦ જાન્યુઆરી, "પ્રવાસી ભારતીય દિવસ"

ભારતમાં દર વર્ષે "પ્રવાસી ભારતીય દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. ૧૯૧૫માં ભારતનાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત ફર્યા હતા. આ જ દિવસને ભારતની સ્વાતંત્ર્ય લડતમાં મહાત્મા ગાંધીજીનાં આગમનનાં દિવસ તરીકે ગણવામાં આવે છે. તેથી આ દિવસને "પ્રવાસી ભારતીય દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ મુખત્વે ૯ જાન્યુઆરીનાં દિવસે ઉજવાય છે. આ દિવસ પ્રવાસી ભારતીયો અને ભારતીય મૂળનાં લોકોનાં યોગદાનને બિરદાવવા માટે ખાસ ઉજવવામાં આવે છે.

પ્રવાસી ભારતીય દિવસ એ વિદેશ મંત્રાલય દ્વારા યોજવામાં આવતી મુખ્ય યોજનાઓ પૈકી એક છે જે વિદેશમાં સ્થાયી થયેલા ભારતીયો સાથે જોડાવવા અને સંકળાયેલા રહેવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડે છે. આ મંચ પ્રવાસી ભારતીયોનાં ભારત પ્રત્યેનાં વિચાર, ભાવનાની અભિવ્યકિત, દેશવાસિઓ સાથે સકારાત્મક વાતચીત માટે ઉપલબ્ધ કરવામાં આવ્યો છે. તેનો મુખ્ય ઉદેશ્ય વિશ્વનાં તમામ દેશોમાં પ્રવાસી ભારતીયોનું નેટવર્ક બનાવવું, યુવા પેઢીને પ્રવાસીઓથી જોડવી, વિદેશમાં રહેનાર ભારતીય શ્રમજીવિઓની મુશ્કેલીઓ જાણવી અને તેને દૂર કરવી અને ભારત પ્રત્યે પ્રવાસીઓને આકર્ષિત કરવા અને રોકાણ કરવાની તકો વધારવાનો છે. આ રીતે દેશનો સંબંધ અન્ય દેશો સાથે મજબુત બને છે અને અંતે દેશના વિકાસમાં મદદ મળે છે. જે લોકો વિદેશમાં રહીને કોઈ ન કોઈ ક્ષેત્રમાં કાર્યરત છે તે પોતાનું જ્ઞાન રાષ્ટ્ર સાથે વહેંચીને દેશના લોકોનાં અંગત વિકાસમાં મદદરૂપ થાય છે અને આ રીતે દેશનો સર્વાંગી વિકાસ શકય બને છે. વિદેશમાં રહીને વિભિન્ન ક્ષેત્રોમાં કાર્ય કરતા લોકો દેશની પુંજી છે. એક રીતે તે દેશનો ગર્વ છે માટે તેમના હિત માટે, તેમના યોગદાનને બિરદાવવું જ રહ્યું.

# છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતની અનેક યુનિવર્સિટીમાં લાયકાત વગરના કુલપતિઓની ભાજપ સરકારે નિયુક્તિ કરી. કહ્યાગરા કુલપતિઓની નિયુક્તિથી ગુજરાતનું ઉચ્ચશિક્ષણ ખાડે ગયું

ભાજપ સરકાર કુલપતિશ્રીઓના નિમણૂકમાં ધારાધોરણ અંગે આંખ આડા કાન કરી રહી છે જેના લીધે શિક્ષણ વ્યવસ્થાને ભારે નુકશાન થઇ રહ્યું છે, યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ પગાર ધોરણ, વિશેષ લાભ અને સુવિધા લઈ રહ્યાં છે અને બીજીબાજુ યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ શૈક્ષણિક લાયકાત ન ધરાવતા હોય તે કુલપતિશ્રીઓને શિક્ષણના હિતમાં તાત્કાલીક અસરથી દુર કરવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી અને ડૉ. નિદત બારોટે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતની અનેક યુનિવર્સિટીમાં લાયકાત વગરના કુલપતિઓની ભાજપ સરકારે નિયુક્તિ કરી. કહ્યાગરા કુલપતિઓની નિયુક્તિથી ગુજરાતનું ઉચ્ચશિક્ષણ ખાડે ગયું. એમ.એસ. યુનિવર્સિટીના લાયકાત ન ધરાવતા કુલપતિ ડૉ. શ્રીવાસ્તવને કાર્યકાળ પૂરો થવાને માત્ર એક મહિનો બાકી છે ત્યારે અંતે રાજીનામું આપવાની ફરજ પડી. શ્રીવાસ્તવને જે સમયે કુલપતિ પદે નિયુક્ત થયા તે સમયે જ તેમની શૈક્ષણિક લાયકાત, અનુભવ અને કુલપતિપદ માટેની જરૂરી માપદંડોનું સરેઆમ ઉલ્લંઘન અંગે પુરાવા સાથે ફરિયાદ થઈ હતી. શ્રીવાસ્તવને કુલપતિ બનવા માટે પ્રોફેસર તરીકેનો ૧૦ વર્ષનો અનુભવ ન હતો. એમ.એસ. યુનિવર્સિટીના કુલપતિ તરીકે શ્રીવાસ્તવ લાયકાત ધરાવતા ન હોવાનું જાણવા છતાં અન્ય યુનિવર્સિટીઓને હોદ્દાઓની ખોટી વિગતો જાહેર કરી હતી. એટલે કે સદંતર ખોટી અને બનાવટી વિગત સાથે બાયોડેટા તૈયાર કરેલ જે ઘણુ ગંભિર હોવા છતાં ભાજપ સરકારે તમામ રજુઆતોને આંખ આડા કાન કર્યા હતા પણ ગુજરાત હાઈકોર્ટમાં સમગ્ર બાબત ખુલ્લી પડી જતાં અંતે ભાજપ સરકારે ચામડી બચાવવા રાજીનામું લઈને ઢાંકપીછોડો કરવાનું કામ કર્યું છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના લાયકાત ન ધરાવતા કુલપતિ શિરીષ કુલકર્ણીની નિયુક્તિ સુપ્રિમ કોર્ટે રદ કરી હતી અને ઐતિહાસીક ચુકાદામાં સ્પષ્ટપણે ગુજરાત સરકાર યુ.જી.સી.ના ધારાધોરણ અને શૈક્ષણિક લાયકાતોનું પાલન કરવા નિર્દેશ કર્યો હતો તેમ છતાં ગુજરાત યુનિવર્સિટીમાં જે તે સમયના કુલપતિશ્રી હિમાંશુ પંડ્યા, નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિશ્રી ચેતન ત્રિવેદી, ટીચર્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી હર્ષદ પટેલ, ચિલ્ડ્રન યુનિવર્સિટીના શ્રી હર્ષદ શાહ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શ્રી નિતિન પેથાણી, શ્રી કમલેશ જોશીપુરા, ભાવનગર યુનિવર્સિટીનાશ્રી એસ.એન. ઝાલા, વીર નર્મદ યુનિવર્સિટીના શ્રી શૈલેન્દ્ર ગુપ્તા એ ધારાધોરણને ઉલ્લંઘન કર્યાની વ્યાપક ફરિયાદ છતાં જે તે યુનિવર્સિટીમાં કુલપતિપદનો કાર્યકાળ પુરો કર્યો, તમામ યુ.જી.સી.ના પગાર સહિતના લાભો મેળવ્યાં, જે ભાજપ સરકારની શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા અને આર.એસ.એસ. ભાજપ સહિતની ભગીની સંસ્થાના વ્યક્તિઓની શિક્ષણના ભોગે સાચવવાની નીતિને ઉજાગર કરે છે.

### કેટલાક બોગસ અને કેટલાક આયુર્વેદીક ડીગ્રીધારી ડોકટરો ઈજેકશન આપી રહયા છે

# ડાંગ જિલ્લામાં બોગસ ડૉકટરો સામે પોલીસ કાર્યવાહી થઈ હોવા છતાં ધમધમી રહયાં દવાખાનાંઓ

## ભારત આદિવાસી સંવિધાન સેનાએ આવેદનપત્ર આપી કાર્યવાહીની માંગ કરી




**સુરત, નવસારી, બરોડા, રાજકોટ માં પોલીસ બોગસ ડોકટરોનું સરઘસ કાઢી રહી છે ત્યારે ડાંગ પોલીસ આદિવાસીઓનાં જીવ સાથે રમતાં બોગસ ડોકટરો સામે કાર્યવાહી કરવા કયાં મુહર્તની રાહ જોઈ રહી છે**

આહવા-ડાંગ

ડાંગ જિલ્લો સંપુર્ણ આદિવાસી વિસ્તાર છે અહિં નામ માત્રની સિવિલ હોસ્પિટલ આખા જિલ્લામાં ગાયનેક કે એમ.ડી ડૉકટર ન હોવાનાં કારણે રાજય બહાર મહારાષ્ટ્ર,બંગાળ થી આવેલાં બોગસ ડૉકટરો કે આયુર્વેદીક કે ડીપ્લોમાં ની ડીગ્રી મેળવી પ્રોફેશન વિરુધ્ધ ડાંગ જિલ્લામાં ગામડે ગામડે બોગસ ડૉકટરો હાટડી ખોલી કે પછી હાટ બજારમાં તંબુ તાણી ડાંગની ગરીબ આદિવાસી લોકોનાં જીવ સાથે રમત રમે છે ડીગ્રી ન હોવાં છતાં વધારે પાવર વાળો દવાનો ડોઝ આપી બિમારીને દાબી દે છે ડાંગ જિલ્લામાં બોગસ ડૉકટરો લોકોનાં જીવ સાથે રમત રમી રહયાં બાબતે અનેકવાર વિવિધ રાજકીય પાર્ટી આમ આદમી પાર્ટી, બીએસપી,બીટીએસ જેવી પાર્ટીઓ દ્વારા ડાંગ કલેકટરને આવેદનપત્ર તેમજ અનેકવાર અખબારી અહેવાલો પ્રસિધ્ધ થતાં સુબીર વિસ્તારમાં પોલીસે કાર્યવાહી કરી બોગસ ડૉકટરોની ધરપકડ કરી હતી તેમ છતાં ગતરોજ ભારતીય આદિવાસી સંવિધાન સેનાં દ્વારા ડાંગ કલેકટરને આવેદનપત્ર આપી જિલ્લામાં ડીગ્રી વગરનાં ડૉકટરોનાં દવાખાના બંધ કરવાં રજુઆત થતાં આજરોજ બોગસ ડૉકટરોનાં એપી સેન્ટર ગણાતાં પૂર્વ પટ્ટી વિસસ્તા ના ગામોમાં સુબીર, પિપલદહાડ, ગારખડી, ગડદ, ગલકુંડ, જાખાના, નડગચોંડ, શામગહાન, સાકળપાતળ, વઘઈ, ઝાવડા અને પિંપરી ખાતે સ્થળ તપાસ કરી હતી જેમાં પરપ્રાંતીય બોગસ ડૉકટરો આયુર્વેદીકની ડીગ્રી ધરાવતાં ડીપ્લોમાં ડીગ્રી તેમજ હોમયોપેથીક ડૉકટરો દર્દીઓને ઈજેકશન, બાટલો ચડાવતાં એલોપેથી સારવાર આપતાં કેમેરામાં કેદ થયાં હતાં જયારે કેટલાક લે-ભાંગુ ડૉકટરો પાસે કોઈપણ પ્રકારની ડીગ્રી ન હોવાં છતાં તેઓ દવાખાનાઓ ખોલી સારવાર કરતાં જોવા મળ્યાં હતાં જયારે શામગહાન,ચીચલી, અનેઝાવડા માં ડૉકટરો નાં દવાખાનાં બંધ હતાં ડાંગ જિલ્લા આરોગ્ય અધિકારી ગામિત અવાર-નવાર રજુઆતો ફરીયાદો થતી હોવાં છતાં કાર્યવાહી કરી નથી ભારત આદિવાસી સંવિધાન સેનાં આવેદન અને અહેવાલ બાદ આરોગ્ય શું કાર્યવાહી કરે તે જોવાનું રહયું છે.

## ૭૫ વર્ષ - ૭૫ રૂપિયા નો સ્મારક સિક્કો : નવતર રાષ્ટ્રીય કોઈન ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ ને નામ- કશ્યપ ઠક્કર




ચાંદી(૫૦%), તાંબા(૪૦%), નિકલ(૫%) અને જસત(૫%) મિશ્રધાતુ માંથી બનેલ સિક્કાની એક તરફ અશોક સ્તંભની છબી હશે, જેના નીચે "સત્યમેવ જયતે" લેખોત્કિર્ણિત હશે, તેની ડાબી પરિધિ પર દેવનાગરી લિપિમાં "ભારત" શબ્દ અને જમણી પરિધિ પર અંગ્રેજીમાં "INDIA" શબ્દ હશે. સિંહ સ્તંભ છબી હેઠળ રૂપિયાનો પ્રતિક "?" અને આંતરરાષ્ટ્રીય આંકડાઓમાં "૭૫" મૂલ્ય પણ હશે. સિક્કાનાં બીજા ભાગની મધ્યમાં ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સનું પ્રતીક ચિહ્ન હશે. ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સના પ્રતીક ચિહ્નની ડાબી અને જમણી બાજુએ અનુક્રમે વર્ષ "૧૯૫૦" અને "૨૦૨૫" અંકિત હશે. સિક્કાની ઉપરની પરિધિ પર દેવનાગરી લિપિમાં "ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સ" અંકિત હશે અને સિક્કાની નીચલી પરિધિ પર અંગ્રેજીમાં "THE BHARAT SCOUTS AND GUIDES" અંકિત હશે. આશા છે તમિલનાડુ નાં ત્રીચી માં આયોજીત ડાયમંડ જ્યુબીલી જમ્બુરી માં માનનીય રાષ્ટ્રપતિશ્રી નાં શુભ હસ્તે તેનું વિમોચન થશે.

## મુંબઈ ખાતે દાદા સાહેબ ફાળકે એવોર્ડ સમારંભ યોજાશે અફઝલભાઇ મહેતર



માયાવી મુંભઈ નગરી ખાતે આગામી તારીખ ૧૧/૧/૨૦૨૫ ના રોજ ★દાદા સાહેબ ફાળકે ચિત્રપટ યુનિયન★ દ્વારા, એક ★સાનદાર એવૉર્ડ કાર્યક્રમ યોજવામાં આવશે★

ફિલ્મ , ટીવી સીરીયલ, તેમજ નાટમકલા સાથે સંકળાયેલા તમામ કેટેગરીના આ યુનિયન સાથે સંકળાયેલ કલાકારોનો એક એવોર્ડસમારંભ યોજાશે તેમજ રાષ્ટ્રીય કારોબારીની મીટીગ પણ મળનાર છે. નવા વર્ષના પ્રથમ મહિનામાં જ આ યુનિયન દ્વારા ખૂબ જ મોટો કાર્યક્રમ નું આયોજન થયેલ હોય જેથી આ યુનીયનના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી અજીત મામુલકરના રાહભરી હેઠળ સમગ્ર દેશમાંથી આ યુનિયન સાથે સંકળાયેલ હોદેદારો અને સભ્યો મુંબઈ ખાતે આવના હોય જેમાં આપણા ગરવી ગુજરાત માંથી દાદા સાહેબ ફાળકે ચિત્રપટ પુનિયન સાથે સંકળાયેલ હોદેદારો અને સભ્યો મોટી સંખ્યામાં ગુજરાત પ્રદેશ ના હોદેદારો ના માર્ગદર્શન હેઠળ પોહોંચનાર છે.

તે માટે ખૂબ જહેમત ઉઠાવી રહેલ ઔલ ઈન્ડિયા ના . ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી ઋપિરાજસિંહ જાડેજા, ગુજરાત ગુજરાત પ્રદેશના કાર્યકારી પ્રમુખ શ્રી. અફઝલભાઈ મહેતર, પ્રદેશ પ્રભારી શ્રી રેવંત ગુજ્જર, ગુજરાત પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી શ્રી ડૉ. રાજેન્દ્ર રાજ્યગુરુ, ગુજરાત પ્રદેશ સેક્રેટરી શ્રી ગીતા પ્રજાપતિ, તેમજ સમગ્રહ ગુજરાત પ્રદેશ હોદેદારો અને સભ્યો ની ટીમ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેનત કરી રહ્યા છે.

વધુ મા ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી અફઝલભાઈ મહેતર જણાવી છે કે આ એવોર્ડ દરેક કેટેગરીમાં મા આપવાં મા આવશે, જેમાં બેસ્ટ એક્ટર થી લય ને ફિલ્મ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા દરેક કેટેગરી ના કલાકારો ને આપવામાં આવશે, અને સાથે સાથે એક એવોર્ડ કેટેગરી મા સમાજ રત્ન નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે સામાજીક જવાબદારી અને સમાજ ઉપયોગી કાર્યો સાથે સંકળાયેલા સામાજીક આગેવાનો ને આપવામાં આવશે,

## રાજ રાજેશ્વરી બહુચર માતા શ્રી શંખલપુરના ધામમાં સુખદેવ સેવા સંસ્થાન ટ્રસ્ટ ગુજરાત દ્વારા મહોત્સવની ભવ્ય તૈયારીઓ



સર્વે માતાજીના પરમ ભક્તોને જણાવવાનું કે પોષ મહિનાની નવરાત્રી એટલે કે શાકંભરી નવરાત્રી માં ભગવતીના અનેક રૂપો માંથી શાંકભરી માતાજીનું એક અદભુત રૂપ છે જેની નવરાત્રીની પૂર્ણા તિથિ એટલે કે પોષ સુદ પૂર્ણિમા માતાજીનો પ્રાગટ્ય દિવસ આવા પરમ પવિત્ર દિવસો દરમિયાન શ્રી બહુચર શંખલપુર ધામમાં ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ વખત બહેનો દ્વારા યજ્ઞ થવા જઈ રહ્યો છે જેમાં ૫૧ જેટલી બહેનો વૈદિક સંસ્કૃતિ શ્લોક સાથે દરેક માઈ ભક્તોને મહાયજ્ઞનું દિવ્ય કાર્ય કરાવશે આ કાર્યમાં પાલનપુર શહેરના જી, ડી મોદી કોલેજના પ્રોફેસર શ્રી રાધા બેન પટેલ તથા પુષ્પાબેન લીબાચીયા તથા ગીતાબેન પટેલ સહિત સમસ્ત બહેનો સાથે મળીને આયોજન સાથે નવદુર્ગા પ્રીતિ શક્તિ મહાયજ્ઞ કરાવશે આ કાર્ય માં દરેક ભક્તોએ તન મન ધનથી લાભ ગ્રહણ કર્યો છે આ કાર્યને સફળ બનાવવા હેતુ ,,, શ્રી ટોડા બહુચર માતાના ભક્તોએ સહયોગ આપ્યો છે ,,,આ દિવ્ય કાર્ય સુખદેવ સેવા સંસ્થાન ટ્રસ્ટ ગુજરાત દ્વારા થવા જઈ રહ્યું છે આપ સર્વેને પધારવા ભાવભર્યું હાર્દિક નિમંત્રણ છે, નારી શક્તિ દ્વારા બનાસકાંઠાના મુખ્ય અધિકારીઓને પણ નિમંત્રિત કરવામાં આવ્યા જેમાં ડીસા નગર પી.આઈ શ્રી એસ ડી ચૌધરી સાહેબ તથા ડીસા મામલતદાર શ્રી વિપુલભાઈ બારોટ સાહેબ તથા પાલનપુર શહેરના ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકર ડીસા નગરના ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ માળી,, શ્રીમાન મગનભાઈ માળી શ્રીમાન અમરતભાઈ દવે તથા શ્રીમાન ભારત સિંહજી ભટેસરિયા સહિત જિલ્લાના અગ્રેસર ઉદ્યોગપતિ શ્રીમાન દલસુખભાઈ અગ્રવાલ શ્રીમાન શિવરામભાઈ પટેલ શ્રીમાન ગિરીશભાઈ ઠાકર પ્રોફેસર શ્રી સુરેખાબેન પટેલ વિશેષ કરીને શ્રી બહુચરાજી શ્રી રાજેશભાઈ કાનુડા વાળા મામલતદાર સાહેબ ધારાસભ્ય સાહેબ સહિત દરેક આગેવાન સમાજસેવકોને આ કાર્યમાં પધારવા સંસ્થા દ્વારા વિશેષ આગ્રહ કરવામાં આવ્યો,,,, તથા પૂજ્ય યશવંત શાસ્ત્રીજી મહારાજે દરેકને જણાવ્યું કે આ કાર્ય નારી શક્તિના ઉત્થાન માટે તથા સંસ્કૃતિની રક્ષા હેતુ એવા વિશેષ ગૌમાતાની સેવા હેતુ આ કાર્યમાં આપનો સહયોગ હોવો જરૂરી છે આગામી મકરસંક્રાંતિ મહાપર્વને લઈ દરેક ભક્તો ગૌમાતા ની સેવા કરે તથા ગરીબોની સેવા કરે એવા અબોલ પશુ પંખીઓની રક્ષા કરીને જીવ દયા હેતુ આ કાર્યને સાર્થકતા,,મળે,, તેથી સમાજને વિનંતી સહ બહેનોના મહાન કાર્ય ને ઉત્સાહ આપવા પધારવાનું પુજય યશવંત શાસ્ત્રીજી મહારાજ તરફથી વારંવાર કહેવામાં આવ્યું,,, તથા ગુજરાતના પ્રતિષ્ઠિત સમાજસેવક શ્રીમાન બળદેવભાઈ રાયકા ડીસા ને આ કાર્યમાં ફુલ હાજરી આપવા આગ્રહ કરવામાં આવ્યો,,,સર્વે ભવતું સુખીનઃ ની ઉદ ઘોષણા સાથે તા૧૧/૧/ શનિવાર નો શુભારંભ કરવામાં આવશે,,, આ દિવ્ય ઉત્સવમાં કોસંબા થી શ્રી મેલડી માતાના પરમ ભક્ત ભાવનાબેન દરબાર,, તથા સંસ્કૃત મહાવિદ્યાલય ના પૂર્વ પ્રધાન આચાર્યશ્રી નારાયણ પ્રસાદ શાસ્ત્રીજી મહારાજ વિશેષ ઉપસ્થિતિ આપશે નવદુર્ગા શ્રીમાન દયારામ ભાઈ રાયચંદભાઈ ઠક્કર પરિવાર મુખ્ય યજમાન પડે બિરાજમાન થશે૧૨/૧/ રવિવાર સવારે ૯ થી ૧ માં દિવ્ય યજ્ઞ ની પૂર્ણાહુતિ કરવામાં આવશે,,, સંસ્થાના કાર્યાલય પ્રમુખ શ્રીમાન અમૃતભાઈ પટેલ તથા શ્રી રમેશભાઈ શાસ્ત્રીજી મહારાજ સહિત ૫૦ કાર્યકર્તાઓ સેવારત થયેલ છે વિનોદ બાંડીવાળા ડીસા

## નિરમા યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને માર્કેટિંગ કુશળતાને પ્રોત્સાહન આપવા માર્કેટિંગ મેરેથોનનું આયોજન



નિરમા યુનિવર્સિટીના આંત્રપ્રિન્યોરશિપ સેલ દ્વારા માર્કેટિંગ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું, જે સહભાગીઓની સર્જનાત્મકતા, પિચિંગ કૌશલ્ય અને માર્કેટિંગ કુશળતાને ચકાસવાના હેતુથી એક નવીન ઈવેન્ટ છે. આ ઈવેન્ટમાં યુનિવર્સિટીની વિવિધ સંસ્થાઓના ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ કરતી ૨૦ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આખા દિવસની મેરેથોન વર્કશોપનું નેતૃત્વ માર્કેટિંગ વ્યૂહરચના અને ઉદ્યોગસાહસિક વિકાસના જાણીતા નિષ્ણાત શ્રી બ્રહ્મા રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી રાવલે અસરકારક માર્કેટિંગ અને પિચિંગ તકનીકો પર અમૂલ્ય આંતરદષ્ટિ શેર કરી, પ્રતિભાગીઓને સ્પર્ધાત્મક રાઉન્ડમાં શ્રેષ્ઠ બનવા માટે વ્યવહારુ જ્ઞાનથી સજ્જ કર્યા.વર્કશોપ પછી, સ્પર્ધાના બે રાઉન્ડ યોજાયા હતા, જ્યાં ટીમોએ ઉત્પાદનોને પિચ કરવા માટે તેમના નવીન અભિગમો રજૂ કર્યા હતા. સખત મૂલ્યાંકન પ્રક્રિયા પછી, ઇવેન્ટના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી:

- પ્રથમ સ્થાનઃ ટીમ ૯ – ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન ના માનવ આર. સિરવાણી, ઋષિકા, ઋષિ શાહ, કાંચી ઠક્કર, અને દેવ મહેતા
- ૨જું સ્થાનઃ ટીમ ૧૮ – ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ ના સુજલ સિંઘી, તનિષ્કા જગદાલે, નિલય લુક્કા, સ્નેહા હરજાઈ અને સાધ્યા બાલી.
- ત્રીજું સ્થાનઃ ટીમ ૭ – ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ના આસ્થા શાહ, મનોહર ભોજવાણી, આદિત્ય ગજરા, ઈશાન શેનોય અને અદિતા આસવાણી.



આ કાર્યક્રમનું સમાપન સુશ્રી રશ્મિકા શાહ, સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશિપના કો ઓર્ડિનેટર દ્વારા પ્રેરક સંબોધન સાથે થયું, જેમણે સહભાગીઓની તેમની સર્જનાત્મકતા, ટીમ વર્ક અને અનુકૂલનક્ષમતા માટે પ્રશંસા કરી. તેણીએ વિદ્યાર્થીઓની તેમના પગ પર વિચાર કરવાની અને નવીન વિચારોને જીવનમાં લાવવાની ક્ષમતા માટે પ્રશંસા કરી.

### સુરતની નવી સિવિલ હોસ્પિટલથી એક જ અઠવાડિયામાં બીજું અંગદાન

# ૧૭ વર્ષીય બ્રેઈનડેડ અરૂણ ચૌરેના લીવર અને બે કિડનીનું દાનઃ સુરત નવી સિવિલ થકી ૬૨મું અંગદાન

ગુરૂવારઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં આજે ૬૨મું સફળ અંગદાન થયું હતું. ડાંગ જિલ્લાના અંતરિયાળ વાનરચોંડ ગામના આદિવાસી ખેડૂત પરિવારના બ્રેઈનડેડ કિશોરની બે કિડની અને એક લીવરનું દાન થતા ત્રણ જરૂરિયાતમંદ બાળકોને નવજીવન મળશે. પ્રાપ્ત વિગતો અનુસાર ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના વાનરચોંડ ગામે રહેતા રતનભાઈ ચૌરેના ૧૭ વર્ષીય પુત્ર અરૂણનો ગત તા.૩જી જાન્યુ.ના રોજ રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં રોડ અકસ્માત થયો હતો. જેથી ૧૦૮ એમ્બ્યુલન્સમાં વઘઈની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. અરૂણને માથાના ભાગે ટ્રોમેટિક બ્રેઈન ઈન્જરીનું નિદાન થતા ડોકટરોએ વધુ સારવાર અર્થે પ્રાઈવેટ હોસ્પિટલ રિફર કર્યા હતા. ઈજા ગંભીર હોવાથી વધુ પ્રાઈવેટ હોસ્પિટલના તબીબોએ સુરતની નવી સિવિલ હોસ્પિટલ જવા સૂચવ્યું હતું. જેથી ૧૦૮ એમ્બ્યુલન્સમાં તા.૦૪થીએ બપોરે ૧.૧૫ વાગે સારવાર માટે દાલખ કરાયા હતા, જ્યાં આઈ.સી.યુ.માં શિફ્ટ કરી સારવાર શરૂ કરી દેવામાં આવી હતી. સઘન સારવાર બાદ તા.૦૮મીએ આર.એમ.ઓ. ડો.કેતન નાયક, ડો.નિલેશ કાછડીયા, ન્યુરોલોજિસ્ટ ડો.પ્રયાગ મકવાણા, ન્યુરોસર્જન ડો.કેયુર પ્રજાપતિએ બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.

ચૌરે પરિવારના સભ્યોને સોટોની ટીમના ડો.કેતન નાયક, ડો.નિલેશ કાછડીયા, ગુજરાત નર્સિંગ કાઉન્સીલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ અંગદાનનું મહત્વ સમજાવ્યું. બ્રેઈનડેડ અરૂણના માતા પ્રેમિલાબેન અને પિતા રતનભાઈએ દુઃખની ઘડીમાં પણ અંગદાન માટે ભારે હૈયે સંમતિ આપી હતી. સ્વ.અરૂણભાઈને બે નાના ભાઈઓ છે.

આજે બ્રેઈનડેડ અરૂણભાઈની એક કિડની અમદાવાદની આઈ.કે.ડી. હોસ્પિટલ, બીજી કિડની સુરતની કિરણ હોસ્પિટલમાં તેમજ લીવર અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યું હતું. મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.ધારિત્રી પરમારના માર્ગદર્શન હેઠળ તબીબી અને નર્સિંગ સ્ટાફ, સિકયુરિટી સ્ટાફ, સફાઈ કર્મચારીઓ તેમજ જાગૃત્ત સ્વયંસેવકોએ અંગદાનમાં જહેમત ઉઠાવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.